# JEE મેઈન : પ્રથમ સેશન માટે એડમિટ કાર્ડ જાહેર

**21થી 24 જાન્યુઆરીની પરીક્ષા માટે જ એડમિટ કાર્ડ ઉપલબ્ધ**

**બાકીની તારીખો માટે રાહ જોવી પડશે**

### રજિસ્ટ્રેશન સમયે રજૂ કરેલી Photo ID જ પરીક્ષા કેન્દ્ર પર લાવવાની રહેશે

એનટીએ દ્વારા પરીક્ષા સંબંધિત મહત્વપૂર્ણ માર્ગદર્શિકા પણ જાહેર કરવામાં આવી છે. ઉમેદવારોએ રજિસ્ટ્રેશન સમયે જે ફોટો ઓળખપત્ર (Photo ID) અપલોડ કર્યું હતું, તે જ ઓળખપત્ર પરીક્ષા કેન્દ્ર પર લાવવું ફરજિયાત રહેશે. નિયમોનું પાલન ન કરનાર ઉમેદવારોને પરીક્ષા આપવાની મંજૂરી નહીં આપવામાં આવે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

સુરતઃ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા જેઈઈ મેઈન 2026ના પ્રથમ સેશનની પરીક્ષા માટે એડમિટ કાર્ડ જાહેર કરી દેવામાં આવ્યા છે. 21 જાન્યુઆરીથી શરૂ થનારી આ રાષ્ટ્રીય સ્તરની પ્રવેશ પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓમાં તૈયારી અને આયોજનને લઈને વ્યાપક ચહલપહલ જોવા મળી રહી છે. એજન્સી દ્વારા હાલ માત્ર 21, 22, 23 અને 24 જાન્યુઆરીએ યોજનારી પરીક્ષાઓ માટે જ એડમિટ કાર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

વિદ્યાર્થીઓ પોતાનો એડમિટ કાર્ડ NTAની અધિકૃત વેબસાઈટ jeemain.nta.nic.in પર જઈને ડાઉનલોડ કરી શકે છે. એડમિટ કાર્ડ મેળવવા માટે ઉમેદવારોને પોતાની અરજી સંખ્યા, પાસવર્ડ તથા સિક્યુરિટી પિન દાખલ કરવો ફરજિયાત રહેશે.

એડમિટ કાર્ડ વિના પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં નહીં આવે તે અંગે NTAએ સ્પષ્ટ સૂચના આપી છે. ઉલ્લેખનીય છે કે એનટીએ દ્વારા થોડા દિવસ અગાઉ જ JEE Main પ્રથમ સેશન માટે પરીક્ષા સિટી ઈન્ટિમેશન સ્લિપ જાહેર કરવામાં આવી હતી.

હવે એડમિટ કાર્ડ જાહેર થતા જ વિદ્યાર્થીઓએ પરીક્ષા કેન્દ્ર, તારીખ અને શિફ્ટને લઈને પોતાની અંતિમ તૈયારી શરૂ કરી દીધી છે. JEE Main 2026ની પરીક્ષા દેશભરના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર કોમ્પ્યુટર આધારિત (CBT) મોડમાં યોજાશે. પરીક્ષા બે શિફ્ટમાં લેવામાં આવશે. પ્રથમ શિફ્ટ સવારે 9 થી બપોરે 12 અને બીજી શિફ્ટ બપોરે 3 થી સાંજે 6 વાગે રહેશે. આ પરીક્ષા કુલ 13 ભાષાઓમાં લેવામાં આવશે, જેથી દેશભરના વિદ્યાર્થીઓને ભાષાકીય સુવિધા મળી રહે. NTAએ સ્પષ્ટ કર્યું છે કે હાલ માત્ર 21 થી 24 જાન્યુઆરી સુધી યોજાનારી પરીક્ષાઓ માટે જ એડમિટ કાર્ડ જાહેર કરાયા છે.

28 અને 29 જાન્યુઆરીએ યોજાનારા પેપર-1 અને પેપર-2 માટેના એડમિટ કાર્ડ આગામી સમયમાં અલગથી જાહેર કરવામાં આવશે.

# યાર્ન પર MIP કે ADD લાગશે તો લુમ્સ ભંગારમાં જશે

**કેન્દ્રીય બજેટ પૂર્વે વિવિંગ સોસાયટીઓએ નાણામંત્રી નિર્મલા સીતારામનને ભલામણો મોકલી**

સુરતઃ 1 ફેબ્રુઆરી 2026 ના રોજ નાણાકીય વર્ષ 2026/27 માટેનું કેન્દ્રીય બજેટ રજૂ થવા જઇ રહ્યું છે ત્યારે નાયલોન વિવર્સ એસોસિએશન સુરત,વેડરોડ વિવર્સ એસોસિએશન અને સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના વિવર્સ અગ્રણીઓ દ્વારા બજેટ પૂર્વે કેટલીક ભલામણો,સૂચનો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમન, ટેકસટાઈલ મંત્રી ગિરિરાજ સિંહ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ, ટેકસટાઈલ સેક્રેટરી ભારત સરકાર,ટેકસટાઈલ કમિશનર ભારત સરકાર અને ગુજરાતના નાણાં મંત્રીને મોકલવામાં આવી છે.

નાયલોન વિવર્સ એસોસિએશન સુરતના પ્રમુખ મયુરભાઈ ચેવલી, સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી અને વિવર્સ અગ્રણી મયુર ગોળવાલા અને વેડરોડ વિવર્સ એસોસિએશનના પ્રમુખ ભુપેન્દ્ર ચાહવાલા દ્વારા આયાતી નાયલોન યાર્ન પર કોઈપણ પ્રકારની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી (ADD ) કે, મીનીમમ ઈમ્પોર્ટ પ્રાઇઝ (MIP) નહીં લાદવા માંગ કરવામાં આવી છે. આવી જ માંગ પોલિએસ્ટર સહિતના અન્ય આયાતી યાર્ન માટે પણ કરવામાં આવી છે.

કેન્દ્રીય નાણામંત્રીને રજૂઆત કરવામાં આવી છે કે, અમેરિકન ટેરિફ લાગુ થયા પછી ટેક્સટાઇલ્ ઉદ્યોગ વિકટ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. ટેકસટાઈલ મંત્રાલયે જાહેર કરેલા આંકડાઓ મુજબ કાપડની નિકાસને અસર થઈ છે.

ટેકસટાઈલ સિટી સુરત MMF ટેકસટાઈલનું હબ છે. આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટિક કક્ષાએ કાપડની માંગ ઘટી છે. વૈશ્વિક અસ્થિરતાને લીધે આ સ્થિતિ સર્જાઈ છે. સુરતનો કાપડ ઉદ્યોગ મંદીમાંથી પસાર થઈ રહ્યો છે.એ સ્થિતિમાં આયાતી નાયલોન યાન ઉપર એમ.આઈ.પી. કે, એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાગુ કરવાની મુઠ્ઠીભર નાયલોન યાર્ન ઉત્પાદક સ્પિનર્સ, કોર્પોરેટ કંપનીઓની માંગણી વ્યાજબી નથી. જો કેન્દ્ર સરકાર તેઓની માંગણી સ્વીકારશે તો મોટા પાયે કારખાનાઓ બંધ કરવાની નોબત આવશે. હજારો કારીગરો બેરોજગાર બનશે.વર્તમાન મંદીમાં નુકશાની વેઠી રહેલા નાયલોન વિવર્સ પોતાની કેટલીક મશીનરી ભંગાર સ્ક્રેપ માં વેચવા મજબૂર બન્યો છે.આવી ગંભીર પરિસ્થિતિમાં સમસ્ત ટેકસટાઈલ વિવિંગ ઉદ્યોગ માટે સરકારે પ્રોત્સાહક યોજના આપવાની જરૂર છે. જો મુઠ્ઠીભર નાયલોન યાર્ન ઉત્પાદક સ્પિનર્સ,કોર્પોરેટ કંપનીઓના પ્રભાવમાં સરકાર MIP કે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાગુ કરવાનો નિર્ણય લેશે તો હજારો નાના વિવરો અને કારીગરો માટે એ રોજીરોટી ગુમાવનારો નિર્ણય બની રહેશે.લાખો સાદા સંચા મશીનો ભંગારના ભાવે વેચવાનો વારો આવશે.

# વાપીના મહારાણા જ્વેલર્સમાં ચોરી કરનાર સેલ્સમેન ઝડપાયો

**રાજસ્થાન ભાગે તે પહેલા ૧૪.૩૯ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડ સાથે સુરત પોલીસે ઝડપી લીધો**

**આર્થિક તંગીમાં આવી જતા સાત વર્ષથી નોકરી કરતો સેલ્સમેન 3 મહિનાથી ચોરી કરતો હતો**



સુરતઃ વાપીના મહારાણા જ્વેલર્સમાં ચોરી કરી ફરાર થયેલા આજ શોરૂમના સેલ્સમેનને સારોલી પોલીસે નિયોલ ચેક પોસ્ટ પાસેથી ૧૪ લાખના મુદ્દામાલ સાથે પકડી લીધો છે. તે રાજસ્થાન ભાગે તે પહેલા સુરત પોલીસના હાથે ઝડપાઈ ગયો છે.

અંત્રોલીથી સુરત તરફ આવતી બસમાંથી સારોલી પોલીસે વાપીના મહારાણા જ્વેલર્સમાં હાથફેરો કરનાર સેલ્સમેન પવનકુમાર વાગારામ ગુર્જર (ઉ.વ. ૩૯, રહે. વાપી, મૂળ રહે. રાજસ્થાન)ને ઝડપી લીધો હતો. પોલીસે તેની પૂછપરછ કરતા હકીકત જણાવી હતી કે વાપીના મહાકાલ જ્વેલર્સમાં છેલ્લા સાત વર્ષથી સેલ્સમેન તરીકે નોકરી કરતો આવ્યો છે. આર્થિક તંગીમાં ફસાઈ જતા તે છેલ્લા ત્રણ મહિનાથી જ્વેલર્સમાં મોકો મળતા ઘરેણા રોકડ ચોરી કરતો હતો. જ્વેલર્સ સંચાલક તેના પર શંકા જતા જ્વેલર્સનો દુકાનમાં તપાસ હાથ ધરી અને તેની ચોરી પકડાઈ ગઈ હતી.આ વાતની જાણ થઈ જતા તે તમામ મુદ્દા માલ સાથે વતન રાજસ્થાન જવા વાપીથી બસમાં બેઠો હતો. હેડ કોન્સ્ટેબલ હિંમતભાઈ માવજીભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ મનિષભાઈ વિઠ્ઠલભાઈને મળેલી બાતમીના આધારે આ કામગીરી કરવામાં આવી હતી.

### આરોપી પાસે કબજે લેવાયેલા દાગીના

૪૬.૯૭૦ ગ્રામ સોનાના દાગીના: (કિંમત રૂ. ૫,૦૯,૭૧૧/-), ૪૦૩૨.૩૯૦ ગ્રામ ચાંદીના દાગીના/વસ્તુઓ: (કિંમત રૂ. ૭,૯૦,૨૫૫/-) અને રોકડ રકમ: રૂ.૧,૪૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલ રૂ. ૧૪,૩૯,૯૬૬ મળી આવ્યો હતો.

# વલસાડના વાંકલમાં ચપ્પુના ઘા મારી યુવકની હત્યા

**કૃણાલ નાયકાની હત્યા કરી આરોપી ફરાર**

**પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો તપાસનો ધમધમાટ**

વલસાડ : વલસાડ તાલુકાના ધરમપુર રોડ પર આવેલ વાંકલ ગામે રવિવારે સાંજે બનેલી યુવકની હત્યાની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં હડકંપ મચાવ્યો છે. મૃતકની ઓળખ કૃણાલ નાયકા તરીકે થઈ છે.

પ્રાથમિક માહિતી મુજબ કૃણાલ પર ચપ્પુ વડે હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઘાયલ હાલતમાં પરિવારજનો તેને તરત ધરમપુરની હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ પોલીસને રાત્રે અંદાજે 8:30 વાગ્યે થતા વલસાડ રૂરલ પોલીસ ઘટના સ્થળે પહોંચી અને તપાસ હાથ ધરી હતી.

વલસાડ રૂરલ પીઆઈ ગઢુએ જણાવ્યું હતું કે કૃણાલ નાયકાની હત્યા રણજીત નામના યુવક દ્વારા ચપ્પુના ઘા કરીને કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. હાલ આરોપી ફરાર છે અને તેને ઝડપવા માટે પોલીસે સઘન શોધખોળ શરૂ કરી છે.

હત્યા પાછળના કારણો જાણવા પોલીસે વિવિધ દિશામાં તપાસ આગળ ધપાવી છે. બનાવને પગલે વાંકલ તથા આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે.

**માતાપિતાઓને મળશે પારદર્શી અને વિશ્વસનીય માહિતી**

# CBSEની શાળાઓએ શિક્ષકોની લાયકાત ઓનલાઇન મૂકવી પડશે

**વેબસાઇટ પર સંપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની માહિતી અને શિક્ષકોનો અનુભવ પણ જાહેર કરવો પડશે**

### ત્રણ વર્ષના બોર્ડ પરીક્ષા પરિણામો પણ ઓનલાઈન જાહેર કરવા પડશે

CBSEના નિર્દેશ મુજબ ધોરણ 10 અને ધોરણ 12ના ગયા ત્રણ વર્ષના બોર્ડ પરીક્ષા પરિણામો પણ શાળાની વેબસાઇટ પર જાહેર કરવા પડશે. તેમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા, ઉત્તીર્ણ ટકાવારી તેમજ કુલ શૈક્ષણિક પ્રદર્શન સંબંધિત માહિતી સમાવવાની રહેશે. પરિણામોની પારદર્શિતા થવાથી શાળાની શૈક્ષણિક ગુણવત્તાનો અંદાજ માતાપિતાઓ સરળતાથી મેળવી શકશે.

### ફી માળખું, SMC અને PTMની માહિતી પણ આપવી પડશે

શાળાઓએ પોતાના ફી માળખું, શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC), પેરેન્ટ-ટીચર મીટિંગ (PTM), વાર્ષિક શૈક્ષણિક કેલેન્ડર સહિતની માહિતી પણ વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવવી પડશે. સાથે જ સંપર્ક વિગતો, શાળાની માન્યતા સંબંધિત દસ્તાવેજો, રાજ્ય સરકારની એનઓસી, સુરક્ષા ધોરણો અને અન્ય આવશ્યક માહિતી પણ જાહેર કરવી ફરજિયાત રહેશે.

સુરતઃ વાલીઓ માટે પોતાના સંતાન માટે યોગ્ય શાળાની પસંદગી કરવી હંમેશા એક મોટી જવાબદારી અને પડકાર રહી છે. શાળા પસંદ કરતી વખતે માન્યતા, ફી માળખું, શિક્ષકોની લાયકાત અને શૈક્ષણિક સુવિધાઓ અંગે માહિતી મેળવવી જરૂરી હોય છે, પરંતુ ઘણી વખત શાળાઓ તરફથી પૂરતી અને સ્પષ્ટ માહિતી મળતી નથી. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) એ તેની સાથે સંલગ્ન તમામ શાળાઓ માટે કડક માર્ગદર્શિકા જાહેર કરી છે.

CBSE સંલગ્ન શાળાઓએ હવે શાળાના સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત માહિતી અપલોડ કરવી ફરજિયાત રહેશે. તેમાં શાળાની ઈમારત, વર્ગખંડોની સંખ્યા, વિજ્ઞાન તથા કમ્પ્યુટર પ્રયોગશાળાઓ, પુસ્તકાલય, રમતગમતના મેદાનો, શારીરિક શિક્ષણની સુવિધાઓ અને અન્ય મૂળભૂત ઢાંચાની વિગતો સામેલ રહેશે. આથી માતાપિતાઓ શાળાની વાસ્તવિક સ્થિતિ અંગે સરળતાથી જાણકારી મેળવી શકશે. શાળામાં ભણતરનું સ્તર શિક્ષકોની ગુણવત્તા પર આધાર રાખે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને CBSEએ શાળાઓને તેમના તમામ શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, તાલીમ, અનુભવ અને વિષયવાર નિમણૂકની વિગત વેબસાઈટ પર મૂકવા ફરજિયાત કરી છે.

આ પગલાથી માતાપિતાઓને પોતાના સંતાનને કઈ શાળામાં દાખલ કરવું તે અંગે વધુ સચોટ નિર્ણય લેવામાં મદદ મળશે. CBSEએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જે શાળાઓ આ નવા નિયમોનું પાલન નહીં કરે, તેમના સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ‘રસ્તા રોકો’ આંદોલનથી સાપુતારા-નાસિક માર્ગ પ્રભાવિત

**કિસાન સભાનું રસ્તા રોકો આંદોલન બીજા દિવસે પણ યથાવત**

**માજી ધારાસભ્ય જે.પી. ગાવિતે આપી ઉગ્ર આંદોલનની ચેતવણી**



સાપુતારા : અખિલ ભારતીય કિસાન સભા દ્વારા પડતર માંગણીઓના નિકાલ માટે છેડાયેલું રાજ્યવ્યાપી આંદોલન બીજા દિવસે વધુ ઉગ્ર બન્યું છે. સુરગાણા તાલુકાના વાણી-સાપુતારા માર્ગ પર બોરગાંવના બિરસા મુંડા ચોક ખાતે ૧૫૦૦થી વધુ ખેડૂતોએ ‘રસ્તા રોકો’ કરી ધરણા પ્રદર્શન યોજ્યું હતું.

આંદોલનનું નેતૃત્વ કરી રહેલા વરિષ્ઠ નેતા અને પૂર્વ ધારાસભ્ય જે.પી. ગાવિતે સરકારને આખરી ચેતવણી આપતા જણાવ્યું કે, જો ખેડૂતોની ન્યાયી માંગણીઓ પર તાત્કાલિક ઉકેલ નહીં આવે, તો આગામી દિવસોમાં આ લડત સરકારને પાયામાંથી હચમચાવી દેશે.

આ આંદોલન દરમિયાન ખેડૂતોની વિવિધ માંગણીઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું, જેમાં ટી-વેર સિમેન્ટ કોંક્રિટના બંધો બનાવી ખેડૂતો અને ઉદ્યોગોને પૂરતું પાણી આપવું તથા અધૂરા ચેકડેમોનું સમારકામ કરવું. આદિવાસીઓને ૧૦ એકર જમીનની માલિકી સોંપી, સાતબારા ઉતારામાં પતિ-પત્ની બંનેના નામ દાખલ કરવા. વન પ્લોટ ધારકોને કુવા, બાગાયત અને સૌર ઉર્જા જેવી તમામ કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવો.

ખેતી માટે ૨૪ કલાક અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા સહિતની માંગણી કરવામાં આવી હતી.

આ આંદોલનને કારણે સાપુતારા-નાસિક માર્ગ પર વાહનવ્યવહાર થંભી જતાં પ્રવાસીઓ અટવાયા હતા અને પર્યટન ઉદ્યોગને આર્થિક ફટકો પડ્યો હતો. પરિસ્થિતિને થાળે પાડવા પોલીસ ઈન્સ્પેક્ટર વિનોદ પાટીલના માર્ગદર્શન હેઠળ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં જનાર્દન ભોયે, સાવલીરામ પવાર, વસંત બાગુલ, પુંડલિક ભોયે, સંદીપ ભોયે, અશોક ભોયે, ભગવાન ગાંગુર્ડે, ભાસ્કર જાધવ, અશોક ધૂમ અને નીતિન ગાવિત જેવા અગ્રણીઓએ સક્રિય ભાગ લીધો હતો.

## અનુસંધાન... પાના પહેલાનું

### બાંગ્લાદેશમાં વધુ...

કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે, માસૂમ કેળાનું વાવેતર કરે છે અને તેમાંથી કેળાની એક લૂમ ગુમ થઈ ગઈ હતી. શોધખોળ દરમિયાન તેણે લિટનની હોટેલમાં તે કેળા જોયા હતા અને આ બાબતે બંને પક્ષો વચ્ચે દલીલ શરૂ થઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, ‘‘આરોપીઓએ લિટનને મુક્કા અને લાતો મારી હતી, જેના કારણે તે જમીન પર પડી ગયો હતો અને ઘટનાસ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું.’’ લિટનના પરિવારે જણાવ્યું હતું કે, માસૂમ સવારે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ હોટેલમાં આવ્યો હતો. તે સમયે એક નજીવી ઘટનાને લઈને હોટેલના કર્મચારી સાથે તેની દલીલ થઈ હતી. બાદમાં માસૂમના પિતા અને માતા ત્યાં આવ્યા હતા અને ઝઘડો કર્યો હતો.

### અબજ ડોલર ખર્ચો...

રહ્યું છે. ઇઝરાયલ-પેલેસ્ટાઇન યુદ્ધ પછીના ગાઝાની દેખરેખ રાખવાની પદ્ધતિ તરીકે શરૂઆતમાં રજૂ કરવામાં આવેલી આ પહેલ ઝડપથી સંયુક્ત રાષ્ટ્રના સંભવિત હરીફ તરીકે વિસ્તરી રહી હોય તેમ જણાય છે, જેના સુકાની રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતે છે. ડ્રાફ્ટ ચાર્ટરમાં સભ્યપદના એક એવા સ્તરવાળા માળખાની રૂપરેખા અપાઈ જે અસરકારક રીતે નવા સંગઠનની અંદર પ્રભાવ માટેની કિંમત નક્કી કરે છે. બ્લૂમબર્ગના અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, અમેરિકાના એક અધિકારીએ પુષ્ટિ કરી હતી કે જે તે દેશો તકનીકી રીતે મફતમાં જોડાઈ શકે છે, પરંતુ નાણાં ન ચૂકવનારા આવા સભ્યોએ ટર્મ લિમિટનો સામનો કરવો પડશે. ડ્રાફ્ટમાં જણાવવામાં આવ્યું છે કે, દરેક સભ્ય રાષ્ટ્ર ત્રણ વર્ષથી વધુની મુદત માટે સેવા આપી શકશે નહીં, અને એ પણ નોંધ્યું છે કે મુદતનું રિન્યુ ચેરમેન ટ્રમ્પ દ્વારા નવીકરણને આધીન રહેશે. જોકે, મોટી રકમ ખર્ચનારાઓ માટે આ ત્રણ વર્ષની મર્યાદા દૂર થઈ જશે. .

### ટ્રમ્પના બોર્ડ ઓફ...

ભારતને આમંત્રણ આપ્યું છે. આ પગલું ચાલતા સંઘર્ષોને કારણે વિશ્વ જ્યારે સતર્ક છે, ત્યારે વર્તમાન ભૂરાજકીય સમીકરણોમાં ભારતની એક મહત્વના વૈશ્વિક ખેલાડી તરીકેની સ્થિતિ દર્શાવે છે. ટ્રમ્પે ગુરુવારે ‘ગાઝા બોર્ડ ઓફ પીસ’ની રચના કરવાની જાહેરાત કરી હતી, જેને તેમણે ઈઝરાયેલ-હમાસ યુદ્ધના અંત લાવવા માટે અમેરિકા સમર્થિત યોજનાના બીજા તબક્કાના એક મહત્વપૂર્ણ પગલા તરીકે ગણાવ્યું હતું. આ યોજના મુજબ, બોર્ડ એક ટેકનોક્રેટિક સમિતિ પર દેખરેખ રાખશે, જોર્ડન, ગ્રીસ, સાયપ્રસ અને પાકિસ્તાને રવિવારે આમંત્રણ મળ્યું હોવાની પુષ્ટિ કરી હતી. આ અગાઉ કેનેડા, તુર્કી, ઇજિપ્ત, પેરાગ્વે, આર્જેન્ટિના અને અલ્બેનિયાએ પણ જણાવ્યું હતું કે તેઓને આમંત્રિત કરવામાં આવ્યા છે. કેટલા દેશોનો સંપર્ક કરવામાં આવ્યો છે તેની કુલ સંખ્યા હજુ અસ્પષ્ટ છે.

### ભારત આ વર્ષે...

આપણા ગ્રહ પરના દરેક વ્યક્તિ માટે પણ ફાળો આપી રહી છે કારણ કે તે વૃદ્ધિ ખૂબ જ નોંધપાત્ર છે. બ્રેન્ડે વધુમાં એવું કહ્યું હતું કે મને આશા છે કે આ ઉપરાંત વડા પ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે વેપાર કરાર કરશે, તો તે ઘણું મદદરૂપ થશે. તેમણે કહ્યું કે, આ આગાહી પાછળનું કારણ ભારતમાં આર્થિક સુધારાના વેગના સ્વરૂપમાં ઉપલબ્ધ પુરાવા છે, જે વિકાસ માટે મહત્વપૂર્ણ છે. મોદી સરકારે કેટલાક નક્કર સુધારા કર્યા જેની મને અપેક્ષા હતી, પરંતુ એટલા ઝડપી અને એટલા બળપૂર્વક નહીં. તેથી જ હું ભારતીય અર્થતંત્ર પર વધુ આશાવાદી છું એવું તેમણે ઉમેર્યું હતું.

### ઉત્તર ભારતમાં શીત...

વિભાગે આગામી કેટલાક દિવસોમાં ખીણના ખાસ કરીને ઊંચાઈવાળા વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. દક્ષિણ કાશ્મીરના શોપિયાંમાં લઘુત્તમ તાપમાન માઈનસ 6.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે પહલગામમાં લઘુત્તમ તાપમાન માઈનસ 6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હિમાચલ પ્રદેશના ઊંચા પહાડોમાં છૂટાછવાયા સ્થળોએ હળવી હિમવર્ષા થઇ હતી હવામાન કચેરીએ જણાવ્યું હતું કે લાહૌલ અને સ્પીતિ જિલ્લાના કોક્સર અને હંસા ગામોમાં હળવી હિમવર્ષા થઇ હતી જ્યારે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હવામાન સૂકું રહ્યું હતું. ઝારખંડના કેટલાક ભાગોમાં પણ શીતલહેર ફરી વળી છે, જ્યાં 11 જિલ્લાઓમાં તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

### ઉ. ભારતમાં ધુમ્મસ...

ટ્રાફિક જામ સર્જાયો હતો. વાહનો ભટકાવાથી આગ લાગી હતી અને મૃતકોના દાઝી જવાથી મોત નીપજ્યા હતા. ઘટનાસ્થળે હાજર લોકોએ જણાવ્યું હતું કે, આ અકસ્માત ત્યારે સર્જાયો જ્યારે પથ્થર ભરેલી એક ટ્રકે અચાનક બ્રેક મારી અને ગાઢ ધુમ્મસના કારણે અન્ય ચાર વાહનો તેની સાથે અથડાયા હતા. રવિવારે યુપીના અમેઠી નજીક ગાઢ ધુમ્મસ વચ્ચે એક બસ અને કાર વચ્ચે થયેલી સામસામે ટક્કરમાં બે લોકોના મોત થયા છે અને અન્ય 10 લોકો ઈજાગ્રસ્ત થયા છે, તેમ પોલીસે જણાવ્યું હતું. આ અકસ્માત રાયબરેલી-સુલતાનપુર હાઈવે પર બાબુ ગંજ પાસે સર્જાયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત ગાઢ ધુમ્મસને કારણે ઓછી દ્રશ્યક્ષમતા હોવાને લીધે થયો હતો. ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લામાં રવિવારે સવારે ગાઢ ધુમ્મસ વચ્ચે દિલ્હી-લખનૌ નેશનલ હાઈવે પર ઓછામાં ઓછા 20 વાહનો એકબીજા સાથે અથડાતા એક વ્યક્તિનું મોત થયું હતું અને ઓછામાં ઓછા 24 લોકો ઘાયલ થયા હતા, તેમ પોલીસે જણાવ્યું હતું. ગોરખપુરથી મેરઠ જઈ રહેલી રાજ્ય પરિવહન નિગમની બસ એક ટ્રક સાથે અથડાઈ હતી, ત્યારબાદ ઓછી દ્રશ્યક્ષમતાને કારણે પાછળથી આવી રહેલા અનેક વાહનો એકબીજા સાથે ટકરાયા હતા. આ અકસ્માતમાં રોડવેઝની ત્રણ બસો, એક ટ્રક અને અનેક કારોને નુકસાન થયું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, એક ટ્રક હાઈવે પરથી ઉતરીને રોડ કિનારે આવેલા ઝાડો સાથે અથડાઈ હતી, જ્યારે કેટલાક વાહનો રસ્તા પરથી નીચે ઉતરી ગયા હતા. જ્યારે અમેઠી જિલ્લામાં અકેલવા ચૌરાહા નજીક પાંચ વાહનો એકબીજા સાથે અથડાતા એકનું મોત થયું હતુ જ્યારે અન્ય ત્રણને ઈજા થઈ હતી.

### ઈરાનના વિરોધ પ્રદર્શનોમાં...

અઠવાડિયામાં, તે મૌલવી શાસનનો અંત લાવવાની માંગ સાથે વ્યાપક પ્રદર્શનોમાં ફેરવાઈ ગયા, જે 1979ની ઈસ્લામિક ક્રાંતિ પછીની સૌથી ઘાતક અશાંતિ હતી. ઈરાની સત્તાવાળાઓએ વારંવાર હિંસા માટે વિદેશી દુશ્મનોને દોષી ઠેરવ્યા છે. અમેરિકા સ્થિત હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સીએ શનિવારે જણાવ્યું હતું કે તેણે ઓછામાં ઓછા 3,308 મૃત્યુનું દસ્તાવેજીકરણ કર્યું છે, જ્યારે અન્ય 4,382 કેસોની સમીક્ષા ચાલી રહી છે. જૂથે જણાવ્યું હતું કે 24,000 થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીએ જણાવ્યું હતું કે ઈરાનના ઉત્તરપશ્ચિમ કુર્દિશ પ્રદેશોમાં કેટલીક ઘાતક અથડામણો થઈ હતી, જ્યાં કુર્દિશ અલગતાવાદી જૂથો લાંબા સમયથી સક્રિય છે.

### એપ્રિલથી PFમાંથી...

સભ્ય BHIM એપ દ્વારા UPI સુવિધાનો લાભ લઈ શકશે અને UPI ટ્રાન્ઝેક્શન માટેના હાલના નિયમો આમાં પણ લાગુ પડશે. આ સુવિધા ખાસ કરીને EPFO હેઠળ આવતા બ્લુ-કોલર કામદારોને મદદરૂપ થશે જેઓ અન્યથા ઓનલાઈન પોર્ટલ દ્વારા ઉપાડની પ્રક્રિયા કરી શકતા નથી. અધિકારીએ વધુમાં ઉમેર્યું કે, શરૂઆતમાં ટ્રાન્ઝેક્શન દીઠ 25,000 રૂપિયાની મર્યાદા સૂચવવામાં આવી છે કારણ કે ત્વરિત ચૂકવણીમાં દુરુપયોગની શક્યતા રહેલી છે. વપરાશકર્તાઓએ વર્ષ દરમિયાન નક્કી કરવામાં આવેલી ઉપાડની મર્યાદા (Frequency) બાબતે પણ સાવધ રહેવું પડશે. ભલે અમે હવે ઉપાડ માટે સારી સુગમતા આપી રહ્યા છીએ, પરંતુ એક વર્ષમાં ત્રણ શ્રેણીઓ માટે ઉપાડની સંખ્યા નક્કી કરવામાં આવી છે. જો કોઈ સભ્ય 2-3 ટ્રાન્ઝેક્શનમાં ખૂબ ઝડપથી રકમ ઉપાડી લે છે, તો ભલે તેણે રકમની દૃષ્ટિએ પૂરી મર્યાદાનો ઉપયોગ ન કર્યો હોય, પણ તેની માન્ય ઉપાડની સંખ્યા સમાપ્ત થઈ શકે છે.

### કાશ્મીરમાં ત્રાસવાદી...

દ્વારા અગાઉ આવી ગતિવિધિઓને લગભગ નિષ્ક્રિય કરી દેવામાં આવી હતી.

પરંપરાગત હવાલા સિસ્ટમની જેમ જ, જેમાં બેંકિંગ ચેનલો સિવાય અન્ય માધ્યમોથી નાણાં મોકલવામાં આવે છે, આ ડિજિટલ સંસ્કરણ ક્રિપ્ટોકરન્સીની ગુપ્તતાનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિ દ્વારા નાણાકીય વ્યવહારોના પુરાવા ભૂંસી નાખીને સ્થાનિક અર્થતંત્રમાં રોકડ ઠાલવવામાં આવે છે. ભારતમાં તમામ ‘વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ સર્વિસ પ્રોવાઈડર્સ’ (VDA SPs) માટે ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ (FIU) સાથે નોંધણી કરાવવી ફરજિયાત છે, પરંતુ આ નેટવર્ક સંપૂર્ણપણે કાયદાકીય મર્યાદાની બહાર રહીને કાર્ય કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે માત્ર ૪૯ એક્સચેન્જોએ કાયદેસરના રિપોર્ટિંગ એન્ટિટી તરીકે નોંધણી કરાવી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### બજેટ પહેલા...

એપેરલ, મેડ-અપ્સ, સ્ટીચિંગ, એમ્બ્રોઈડરી સહિતની નોન-પોલ્યુટીંગ ટેક્સટાઈલ મેન્યુફેક્ચરીંગ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા એકમોને પણ હવે પોલિસીનો લાભ આપવામાં આવશે. ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (GPCB)ની વ્હાઈટ કે ગ્રીન કેટેગરી અથવા સમકક્ષ કેટેગરીમાં આવતા આવા એકમો મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં હોવા છતાં સહાયપાત્ર ગણાશે.

ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનના તમામ સેગમેન્ટનું વિશ્લેષણ કરીને ગારમેન્ટ, એપેરલ અને ટેક્નિકલ ટેક્સટાઈલ પર વિશેષ ફોકસ કરવાનો વ્યુહ રાજય સરકારે અપનાવ્યો છે. પરિણામે, શહેરી વિસ્તારોમાં નોન-પોલ્યુટીંગ ટેક્સટાઈલ પ્રવૃત્તિઓને માન્યતા મળવાથી MSME એકમોને વિકાસ માટે અનુકૂળ વાતાવરણ મળશે, સ્થાનિક રોજગાર સર્જન વધશે અને કુશળ તથા અર્ધકુશળ કામદારોને પોતાના વિસ્તારમાં જ રોજગારીની તકો ઉપલબ્ધ થશે. શહેરી વિસ્તારોમાં ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અસરકારક ઉપયોગ થવાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે અને ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા વધશે. ખાસ કરીને લેબર-ઈન્ટેન્સિવ ટેક્સટાઈલ પ્રવૃત્તિઓ શહેરી વિસ્તારમાં સ્થિત થવાથી મહિલા કર્મચારીઓને સ્થાનિક સ્તરે રોજગારી મળશે, જેના કારણે તેમની સામાજિક-આર્થિક સ્થિરતા વધશે અને કાર્ય-જીવન સંતુલન જળવાશે.સીએમ ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયોથી રાજ્યની મહિલાઓ વધુ આર્થિક રીતે સશક્ત અને સ્વનિર્ભર બનશે. સાથે જ, પર્યાવરણ સુરક્ષા અને સંતુલિત, ટકાઉ ઔદ્યોગિક વિકાસના ઉદ્દેશો પણ સિદ્ધ થશે.

### સુરતના વિવિંગ...

ગયા વર્ષે સરકારે સચિન,ઇચ્છાપોર સહિતની નોટીફાઇડ GIDC ને યોજનાનો લાભ આપવાનો સુધારો કર્યો હતો.હવે સુરત મહાનગર પાલિકાની હદમાં આવેલા એકમોને પણ લાભ મળશે.આ નિર્ણય આવકાર્ય છે અને સુરતના ટેક્સટાઇલ ક્લસ્ટરમાં વિવિંગ ઉદ્યોગને રાહત આપનારો છે.

### અપગ્રેડેશનને પ્રોત્સાહન...

ઇન્ડસ્ટ્રીમાં વિસ્તારણથી નવી રોજગારીની તકો ઊભી થશે. ડાઈંગ - પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીને પણ ટેક્સટાઇલ્ પોલીસી 2024 નો લાભ મળે એ માટે સરકારને રજુઆત કરીશું.

### SMC ની હદમાં...

વીજ જોડાણ મેળવનાર એકમોને યુનિટ દીઠ 3 અને 2 રૂપિયા સબસિડી મળશે.એકંદરે SMC ની હદમાં આવેલી GIDC ઓમાં વિવિંગ,એમ્બ્રોઇડરી, ગારમેન્ટ, સ્ટીચિંગ એકમોને પ્રોત્સાહન આપવાનો નિર્ણય છે.

### બોગસ બિલીંગ...

હતો. વધુમાં મળતી માહિતી મુજબ આ સીએ દ્વારા બોગસ પેઢીનાં નામે ખરીદ અને વેચાણનાં બિલો બતાવી આઈટીસી ઉલેચી લેવાનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. જે બોગસ બિલીંગ બનાવાયાં હતાં. આ બોગસ પેઢી જયપુર,ઈન્દોર, પુણે, ભિવંડી, જામનગર , થાણે, અમદાવાદની બતાવવામાં આવી હતી.

### સુરત એરપોર્ટ...

અહીંથી ઉપડતી કુલ 20 જેટલી ફ્લાઈટોના શિડ્યુલ ખોરવાઈ ગયા હતા. એરપોર્ટ પર મુસાફરોની લાંબી કતારો લાગી ગઈ હતી અને કલાકો સુધી રાહ જોવાની ફરજ પડી હતી.

સૌથી વધુ અસર દિલ્હી અને બેંગ્લોર રૂટની ફ્લાઈટો પર જોવા મળી હતી, જેમાં કેટલીક ફ્લાઈટો 4 કલાકથી વધુ મોડી પડી હતી. ખરાબ વિઝિબિલિટી હોવાને કારણે એઆઈ એક્સપ્રેસની દિલ્હી-સુરત ફ્લાઈટને સુરતમાં લેન્ડિંગની મંજૂરી ન મળતા તેને અમદાવાદ એરપોર્ટ પર ડાયવર્ટ કરવી પડી હતી. ઈન્ડિગોની હૈદરાબાદ-સુરત અને દિલ્હી-સુરત ફ્લાઈટો અનુક્રમે 4.19 કલાક અને 4.29 કલાક મોડી પહોંચી હતી.

ઈન્ટરનેશનલ રૂટ પર પણ ધુમ્મસની અસર જોવા મળી હતી. સુરતથી દુબઈ અને બેંગકોક જતી તેમજ ત્યાંથી આવતી ફ્લાઈટો સમયસર ઉડી શકી નહોતી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઠંડી અને ઊંચા ભેજના પ્રમાણને કારણે ઘેરું ધુમ્મસ સર્જાયું હતું, જેના કારણે એરપોર્ટ ઓપરેશનમાં ભારે મુશ્કેલી પડી હતી. દિવસ ચઢતા વિઝિબિલિટી સુધરતા ધીમે ધીમે ફ્લાઈટ ઓપરેશન સામાન્ય બન્યું હતું. એરપોર્ટ અધિકારીઓએ જણાવ્યું હતું કે મુસાફરોની સુરક્ષા પ્રથમ પ્રાથમિકતા હોવાથી વિઝિબિલિટી સુધરે ત્યાં સુધી ફ્લાઈટ ઓપરેશનમાં સાવચેતી રાખવામાં આવી હતી.

### ૮૦૦ કરોડના...

વિસ્તારમાંથી ગોપાલ મોહનસિંહ શેખાવત (ઉ.વ. ૫૯), સુરત ન્યુ લુક મલ્ટીટ્રેડ પ્રા.લિ.ના ડાયરેક્ટર તથા મોહમ્મદ સલીમખાન (ઉ.વ. ૪૯), સુરત ન્યુ લુક રિટેલ્સ પ્રા.લિ.ના ડાયરેક્ટરનો સમાવેશ થાય છે. બંને આરોપીઓ સુરતના અડાજણ અને રાંદેર વિસ્તારમાં વૈભવી મકાનોમાં રહેતા હોવાનું પણ સામે આવ્યું છે.પોલીસ પૂછપરછમાં ખુલ્યું છે કે આ બંને આરોપીઓએ દેશભરમાં કુલ ૫૪ ગુનાઓ આચર્યા છે અને મોટા પાયે રોકાણકારો સાથે છેતરપિંડી કરી હતી. બિહાર અને મહારાષ્ટ્ર રાજ્યોમાં નોંધાયેલા ગુનાઓમાં તેઓ લાંબા સમયથી વોન્ટેડ હતા. પોલીસે જણાવ્યું છે કે આ બંને આરોપીઓની ધરપકડ પર ૫૦-૫૦ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

### આ રાજ્યોમાં ૫૪...

જલગાંવ, પાલઘર અને સોલાપુર જેવા વિસ્તારોમાં કેસ નોંધાયેલા છે. ગુજરાતમાં સુરતના વેસુ પોલીસ સ્ટેશનમાં પણ ૨૦૨૩માં ગંભીર ગુનો નોંધાયો છે.આ ઉપરાંત આરોપીઓએ પૂછપરછમાં સ્વીકાર્યું છે કે તેમની સામે અન્ય રાજ્યોમાં પણ કુલ ૩૧થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. પોલીસ માને છે કે આ કૌભાંડના તાર હજુ વધુ વિસ્તૃત છે અને તપાસમાં નવા ખુલાસા થવાની શક્યતા છે.પકડાયેલા આરોપીઓ સામે કુલ ૫૪ ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ ગુનાઓ ગુજરાત, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ અને ઓડિશા સહિતના રાજ્યોમાં નોંધાયા છે.

### બુરખાધારી મહિલાએ...

મહિલાને ન ગમ્યો અને તે ગુસ્સે ભરાઈ ગઈ હતી. આ ઘટનાના બીજા દિવસે, શનિવારે, બસ જ્યારે વેસુ વિસ્તારમાં આવેલી જે.એચ. અંબાણી સ્કૂલ નજીકના બસ સ્ટેન્ડ પર પહોંચી ત્યારે એ જ મહિલા ફરીથી બસમાં ચડી હતી.

આ વખતે તેણે સીધા ડ્રાઈવરની કેબિન તરફ જઈને ઉગ્ર સ્વરમાં દલીલો શરૂ કરી દીધી હતી. “મારી વાત કેમ ન માની? ત્યાં બસ કેમ ન ઉભી રાખી?” એમ કહી તેણે ડ્રાઈવરનો કોલર પકડી લીધો હતો. આટલું જ નહીં, મહિલાએ ડ્રાઈવર પર હાથ ઉઠાવ્યો અને સતત તમાચા માર્યા હતા. ત્યારબાદ પોતાના હાથમાં રહેલા સ્માર્ટફોન વડે ડ્રાઈવરના માથા પર જોરદાર પ્રહાર કર્યો હતો. હુમલો એટલો ગંભીર હતો કે ડ્રાઈવર માથામાંથી લોહી વહી ગયું અને બસની અંદર લોહીના ટપકા પડી ગયા હતા. ઘટનાની જાણ થતા તાત્કાલિક અધિકારીઓને માહિતી આપવામાં આવી હતી અને ઘાયલ ડ્રાઈવરને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. હાલ આ મામલે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે અને CCTV ફૂટેજના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### જમવાનું લાવવામાં..

સાકેત લોખંડની હથોડી અને લાકડાના ફટકા વડે અજયને બેરહેમીથી ફટકારી રહ્યા હતા.

ગભરાયેલા સંતોષે રાહદારી મોબાઈલથી તુરંત ‘૧૧૨’ પર કોલ કરી પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા કાપોદ્રા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને અંદરથી બંધ કારખાનાનું શટર તોડી પ્રવેશ કર્યો હતો. અંદર અજયકુમાર નાહવાની ચોકડી પાસે લોહીલુહાણ હાલતમાં મૃત અવસ્થામાં પડ્યો હતો. પોલીસે સ્થળ પરથી જ બંને આરોપી મનોજ શ્યામલાલ સાકેત (ઉં.વ. ૩૬) અને સુરેશ જગ્ગાલાલ સાકેત (ઉં.વ. ૩૫)ની ધરપકડ કરી હતી.


बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ઝાંપા બજાર શાખા : મહિધરપુરા પોલીસ સ્ટેશન સામે, ટાવર રોડ સુરત–૩૯૫૦૦૩. ફો. નં.- ૦૨૬૧– ૨૪૨૩૩૦૩, ૨૪૩૮૯૪૨ email :zampab@bankofbaroda.com

**કબજા નોટીસ [ધારા ૧૩(૪)] (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૯.૧૦.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી ચિરાગકુમાર નરેશભાઈ જોષી (દેવાદાર અને ગીરવેદાર), અને શ્રીમતી જાગૃતિ ચિરાગકુમાર જોષી (સહદેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૨૪,૯૩,૦૦૮.૬૯ (રૂા.ચોવીસ લાખ ત્રાણું હજાર આઠ અને ઓગણોસીત્તેર પૈસા પુરા)** વત્તા અન્ય ચાર્જીસ અને તેના પર નું વ્યાજ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારઆ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૬મી જાન્યુઆરી સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂ.૨૪,૯૩,૦૦૮.૬૯** વત્તા અન્ય ચાર્જીસ અને તેના પરનું વ્યાજ ને આધિન રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ હક હિત સંબંધ ધરાવતી ‘ વેલકી ઘર’ નો પ્લોટ નં.૫૦ માપ ૮૫.૭૬ ચો.મી. રોડ અને સીઓપી ના વણવહેચાયેલ હિસ્સા સહિત રે.સ.નં. ૧૭૯/એ, માપ ૧૩૦૧૫ ચો.મીટર, સીટી સર્વે નં. એનએ/ ૧૭૯/એ, સીટ નં. એનએ ૯૯, વોર્ડ/ ગામ : ઓરમા, તા. ઓલપાડ, જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : સોસાયટી નો આંતરીક રોડ, **પશ્ચિમ તરફ** : જોડેની મિલકતનો બ્લોક નં. ૧૫૦, **ઉત્તર તરફ** : જોડેની મિલકત નો પ્લોટ નં. ૫૧, **દક્ષિણ તરફ** : જોડેની મિલકત નો પ્લોટ નં. ૪૯.

તા. ૧૬.૦૧.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ઝાંપા બજાર શાખા.